Sgrinio Cyn Geni Cymru
Antenatal Screening Wales
http://www.antenatalscreening.org

GIG CYMRU NHS WALES | Iechyd Cyhoeddus Cymru Public Health Wales

# ગર્ભાવસ્થામાં અલ્ટ્રાસાઉન્ડ સ્કેન

આપની ગર્ભાવસ્થા દરમિયાનની કાળજીના ભાગરૂપે આપને બે અલ્ટ્રાસાઉન્ડ સ્ક્રિનીંગ પરીક્ષણો ઑફર કરવામાં આવશે. આ પરીક્ષણો કરાવવા કે નહીં તે આપ પસંદ કરી શકો છો. આપ આપનો નિર્ણય લો તે પહેલાં કૃપા કરીને આ પત્રિકા વાંચો.

આ પત્રિકા ગર્ભવતી મહિલાઓ માટે છે અને તે નીચેની બાબતો સમજાવે છે:

- આ પરીક્ષણો શું છે;
- તે શા માટે કરવામાં આવે છે; અને
- તે ક્યારે કરવામાં આવે છે.

સ્કેન એ આપની ગર્ભાવસ્થાની સંભવિત સમસ્યાઓ ચકાસવાની એક રીત છે. તે સ્ક્રિનીંગ પરીક્ષણ છે. આનો અર્થ એ છે કે તેમાં એવી સમસ્યાઓ દેખાઈ શકે છે જે અન્ય પરીક્ષણો દ્વારા ચકાસવી જરૂરી બને. સ્કેનથી બધી સમસ્યાઓ પારખી શકાતી નથી.

## અલ્ટ્રાસાઉન્ડ સ્કેન શું છે?

અલ્ટ્રાસાઉન્ડ મશીન કમ્પ્યૂટર સ્ક્રીન પર તસ્વીર બનાવવા માટે ધ્વનિ તરંગોનો ઉપયોગ કરે છે.

સ્કેન કરનાર વ્યક્તિને સોનોગ્રાફર કહે છે. આપની અપોઇન્ટમેન્ટ દરમિયાન સોનોગ્રાફર સ્કેન વિશે સમજાવશે.

## સ્કેનની ગોઠવણ કઈ રીતે કરવામાં આવે છે?

જો આપ નક્કી કરો કે આપ સ્કેન કરાવવા માંગો છો તો તે ક્યાં કરી શકાય તે આપની દાયણ આપને કહેશે અને આપના માટે અપોઇન્ટમેન્ટ ગોઠવશે.

જો આપને અપોઇન્ટમેન્ટ આપવામાં આવી હોય અને ત્યારબાદ આપ નક્કી કરો કે આપ સ્કેન કરાવવા માંગતા નથી તો આપની દાયણને કહો અને અપોઇન્ટમેન્ટ રદ કરો.

## સ્કેન કઈ રીતે કરવામાં આવે છે?

જ્યારે આપ સ્કેન કરાવો ત્યારે જો આપનું જઠર સંપૂર્ણપણે ખાલી ન હોય તો સોનોગ્રાફરને આપના બાળકની વધુ સ્પષ્ટ તસ્વીર મળશે.  કૃપા કરીને આપની અપોઇન્ટમેન્ટના લગભગ એક કલાક પહેલાના સમય માટે પેશાબ ન કરવાનો પ્રયત્ન કરો.

સ્ક્રીન પર સોનોગ્રાફર આપના બાળકને સ્પષ્ટરૂપે જોઈ શકે તે માટે આ સ્કેન ઝાંખા પ્રકાશ ધરાવતા રૂમમાં કરવામાં આવે છે. સ્કેનિંગમાં ખૂબ એકાગ્રતાની જરૂર પડે છે તેથી રૂમમાં ખૂબ શાંતિ પણ જાળવવામાં આવે છે. સોનોગ્રાફર આપને સમજાવશે કે તેઓ શું કરી રહ્યા છે અને તેઓ શું શોધી રહ્યા છે.

સ્કેન કરાવવા માટે આપને આપની પીઠ પર ચત્તા સૂઈ જવાનું કહેવામાં આવશે. આપે સ્કેન માટે કોઈ ખાસ કપડા પહેરવાની જરૂર નથી. જો કે, આપને આપના ઉપરના ભાગના કપડા છાતી સુધી ઊંચા કરવાનું અને સ્કર્ટ કે પેન્ટ આપના સાથળ સુધી નીચા કરવાનું કહેવામાં આવશે. આપના પેટના નીચલા ભાગમાં જેલ ચોપડવામાં આવે છે જેથી ટ્રાન્સડ્યુસર નામનું સાધન આપના પેટ પર આગળ પાછળ સરકાવી શકાય. અલ્ટ્રાસાઉન્ડ તરંગો હવામાંથી પસાર થતા નથી તેથી જેલથી એ ખાતરી મળે છે કે આપની ચામડી અને ટ્રાન્સડ્યુસર વચ્ચે સારો સંપર્ક રહે. ટિસ્યુ પેપર દ્વારા આપના કપડાને જેલ સામે રક્ષણ આપવામાં આવશે.

Information for Women

© Public Health Wales

ટ્રાન્સડ્યુસર આપના પેટ દ્વારા ગર્ભાશયમાં ધ્વનિનાં તરંગો પસાર કરે છે. ધ્વનિનાં તરંગો બાળક સાથે અથડાઈને પાછા આવે છે અને સ્ક્રીન પર ચિત્ર સ્વરૂપે તેનું રૂપાંતરણ થાય છે.

અલ્ટ્રાસાઉન્ડ સ્કેન એ સરળ અને દર્દરહિત છે. આપના બાળકને યોગ્ય રીતે જોવા માટે સોનોગ્રાફરે આપના પેટ પર થોડું દબાણ આપવાની જરૂર પડી શકે છે.

## બધા સ્કેન સુરક્ષિત છે?

અમે જાણીએ છીએ ત્યાં સુધી અમે જે ઑફર કરીએ છીએ તે ગર્ભાવસ્થાની શરૂઆતમાં ડેટિંગ સ્કેન અને ગર્ભની અનિયમિતતા અંગેના સ્કેન એ માતા અને બાળક માટે સુરક્ષિત છે.

## ગર્ભાવસ્થાની શરૂઆતમાં સ્કેન તથા ગર્ભની અનિયમિતતા અંગેના સ્કેન કરાવવાના લાભો શું છે?

ગર્ભાવસ્થાની શરૂઆતમાં કરાવવામાં આવેલા સ્કેનથી સુનિશ્ચિત થાય છે કે આપના બાળકનું હૃદય ધબકે છે અને આપને કેટલાં અઠવાડિયાનો ગર્ભ છે તેની ખાતરી થાય છે. સ્કેન એ પણ શોધી કાઢશે કે આપને એકથી વધુ બાળકો છે કે કેમ જેથી દાયણો અને ડૉક્ટરો આપની સાથે કાળજીનું આયોજન કરી શકે.

બાળક જન્મે તે પહેલાં સ્કેનથી સમસ્યાઓની ખબર પડી શકે છે. જન્મ પહેલાં સમસ્યા વિશે જાણ થવાથી આપને અને આપના સાથીદારને પોતાની જાતને તૈયાર કરવામાં મદદ મળી શકે છે. ક્યારેક તેમાથી બાળકના જન્મ બાદ સારવારનું આયોજન કરવામાં મદદ મળી શકે છે. ક્યારેક જયારે મહિલાઓને ખબર પડે કે મોટી સમસ્યા છે ત્યારે તેઓ ગર્ભાવસ્થાનો અંત લાવવાનો વિચાર કરવા માંગતી હોઈ શકે છે.

## ગર્ભાવસ્થાની શરૂઆતમાં સ્કેન તથા ગર્ભની અનિયમિતતા અંગેના સ્કેન કરાવવાના ગેરલાભો શું છે?

સ્કેન કરાવવાથી આપ ચિંતિત થઈ શકો છો, ખાસ કરીને જો કોઇ સમસ્યા વિશે જાણ થાય તો. જન્મ પહેલાં આપના બાળકને હોય તેવી કોઈપણ સમસ્યાઓ વિશે આપ ન જાણવાનું પસંદ કરો તો આપે સ્કેન કરાવવા જોઈએ કે નહીં તે અંગે આપે કાળજીપૂર્વક વિચારવાની જરૂર છે. આપે આપની ચિંતાઓ અંગે આપની દાયણ સાથે ચર્ચા કરવી જોઈએ.

# પરિણામો

## મારા પરિણામો ગુપ્ત રાખવામાં આવશે?

NHS બધા પરીક્ષણોનાં પરિણામો ગુપ્ત રાખે છે. કેટલાં લોકો આપના પરીક્ષણનાં પરિણામોની પહોંચ ધરાવી શકશે તે અંગે હૉસ્પિટલની નીતિઓ અલગ અલગ હોય છે. આપની દાયણ આપને સ્થાનિક વ્યવસ્થાઓ સમજાવી શકશે.

## હું કઈ રીતે મારા સ્કેનનાં પરિણામો મેળવી શકું?

તપાસના અંતે સોનોગ્રાફર આપના સ્કેનનાં પરિણામો આપને કહેશે.



© Public Health Wales

## હું જ્યારે સ્કેન કરાવું ત્યારે હું મારી સાથે કુટુંબીજનો કે મિત્રોને લાવી શકું?

મોટાભાગનાં બાળકો તંદુરસ્ત છે, પરંતુ ગર્ભની અનિયમિતતાનો સ્કેન અસામાન્યતાઓ બતાવી શકે તેમ હોવાથી આપના સ્કેન વખતે આપને સહકાર આપી શકે તેવા આપના સાથીદાર કે અન્ય કોઇ વ્યક્તિ આપની સાથે આવે તેવું આપ આપના સાથીદારને પૂછવા માંગતા હો તેમ બની શકે છે.
અપોઇન્ટમેન્ટ પર બાળકોને ન લાવવા એ સૌથી ઉત્તમ છે. તેઓ સ્કેન દરમિયાન આપનું અને સોનોગ્રાફરનું ધ્યાન ભંગ કરી શકે છે.

## શું હું બાળકની તસ્વીર મેળવી શકું?

ક્યારેક સ્કેન દરમિયાન લેવામાં આવેલા આપના બાળકની તસ્વીરો ખરીદવી શક્ય હોય છે.  જો આપ આમ કરવા માંગતા હો તો કૃપા કરીને સ્કેન શરૂ થાય તે પહેલાં સોનોગ્રાફરને આ અંગે કહો.

# ગર્ભાવસ્થાની શરૂઆતમાં અલ્ટ્રાસાઉન્ડ સ્કેન

આ સ્કેન સામાન્ય રીતે ગર્ભાવસ્થાનાં 11થી 13 અઠવાડિયા વખતે બધી મહિલાઓને ઑફર કરવામાં આવે છે.

## મારા સ્કેનમાં કેટલો સમય લાગશે?

ગર્ભાવસ્થાની શરૂઆતમા કરવામાં આવતા અલ્ટ્રાસાઉન્ડ સ્કેનમાં લગભગ 10 મિનિટ લાગે છે.

નીચેની બાબતો માટે સ્કેન કરવામાં આવે છે:

- આપના બાળકના હૃદયના ધબકારા ચકાસવા માટે;
- આપના ગર્ભમાં એક કે વધુ બાળક છે તે શોધવા માટે (જોડિયા કે ત્રણ બાળકો ધરાવતી મહિલાઓને ગર્ભાવસ્થા દરમિયાન વધારાની કાળજીની જરૂર પડે છે અને જોડિયા બાળક સાથેની ગર્ભાવસ્થામાં એ જાણવું અગત્યનું છે કે બે બાળકો વચ્ચે એક જ પ્લેસેન્ટા વહેંચાયેલા છે કે કેમ);
- આપ કેટલા મહિનાના ગર્ભવતી છો તે ચકાસવા અને કઈ તારીખે બાળક આવશે તે જોવા માટે આપના બાળકનું માપ લેવું (જો આપ વધુ સ્ક્રિનીંગ પરીક્ષણો કરાવવાનું વિચારતા હો તો આ ખાસ અગત્યનું છે); અને
- આપના બાળકનો વિકાસ ચકાસવા માટે (આ શરૂઆતના તબક્કે બાળકનો વિકાસ બહુ સ્પષ્ટ હોતો નથી પરંતુ ક્યારેક ગંભીર સમસ્યાઓ પરખાઈ શકાય છે).

## મને ગર્ભાવસ્થાની શરૂઆતમાં સ્કેનની જરૂર પડશે?

ક્યારેક એબ્ડોમિનલ ટ્રાન્સડ્યુસરનો ઉપયોગ કરીને બાળક સ્પષ્ટપણે જોઇ શકાતું નથી તેથી સોનોગ્રાફર આપને આંતરિક સ્કેનનું સૂચન કરી શકે છે. આને ટ્રાન્સવેજાઈનલ સ્કેન કહે છે અને તેનાથી વધુ વિસ્તૃત ચિત્ર મળી શકે છે. આ સ્કેન પહેલાં આપને આપનું મૂત્રાશય ખાલી કરવાનું કહેવામાં આવશે. ટેમ્પોન દાખલ કરવાની જેમ જ એક નાનું ટ્રાન્સડ્યુસર યોનિમાં દાખલ કરવામાં આવે છે.

યોનિમાં અલ્ટ્રાસાઉન્ડ સ્કેન પીડાદાયક નથી. સોનોગ્રાફર સ્કેન વિશે સમજાવશે અને તે કરવા માટે આપની સંમતિ માંગશે. જો આપ આંતરિક સ્કેન કરાવવા ન માંગતા હો તો કૃપા કરીને સોનોગ્રાફરને કહો. આપને પેટના વધુ એક સ્કેન માટે અપોઇન્ટમેન્ટની ઑફર કરવામાં આવશે.

# ગર્ભની અનિયમિતતા માટેનો અલ્ટ્રાસાઉન્ડ સ્કેન

આ સ્કેન ગર્ભાવસ્થાનાં 18થી 20 અઠવાડિયા વખતે ઑફર કરવામાં આવે છે.



© Public Health Wales

## મારા સ્કેનમાં કેટલો સમય લાગશે?

સ્કેનમાં સામાન્ય રીતે 15થી 20 મિનિટ લાગે છે.

સ્કેન નીચેની બાબતો માટે કરવામાં આવે છેઃ

- આપના બાળકનો શારીરિક વિકાસ ચકાસવા માટે;
- કરોડને લગતી જન્મખોડ અને અન્ય ન્યુરલ નળીઓની ખામીઓ જેવી સમસ્યાઓ (જેને અનિયમિતતાઓ પણ કહે છે) પારખવામાં મદદ માટે;h
- ગર્ભમાં બાળકની આસપાસ પ્રવાહીનું પ્રમાણ ચકાસવા માટે; અને
- પ્લેસેન્ટાની સ્થિતિ જોવા માટે.

સોનોગ્રાફર પાસે આપના બાળકમાં જોવા માટેની બાબતોની યાદી છે અને તેઓ કેટલીક માપણીઓ પણ કરશે.

## મારે ગર્ભની અનિયમિતતા અંગે વધુ સ્કેનની જરૂર પડશે?

કરોડની જન્મ સમયની ખોડ જેવી કેટલીક સ્થિતિઓ અને બંધારણો જોવા માટે સોનોગ્રાફર જેના પર સંમતિ સધાઈ હોય તેવી તપાસયાદીનો ઉપયોગ કરશે. તપાસયાદીમાં હોય તેવી બધી બાબતો સોનોગ્રાફર જોઇ ન શકે તેમ બની શકે છે. ક્યારેક આપના સ્કેન દરમિયાન બધું જોવું શક્ય હોતું નથી. આવું નીચેના કારણોસર થઈ શકે છેઃ

- આપનું બાળક એવી સ્થિતિમાં હોય જેનાથી તપાસ મુશ્કેલ બની હોય;
- આપની ગર્ભાવસ્થામાં આ સ્કેન કરવો બહુ વહેલો જણાતો હોય; અને
- આપની ઊંચાઈનાં પ્રમાણમાં આપનું વજન સરેરાશ કરતા વધુ હોય અને આનાથી તસ્વીરો સ્પષ્ટ ન હોવાથી આપના બાળકને જોવું મુશ્કેલ બન્યું હોય.

જો આમ થાય તો સોનોગ્રાફર યાદી પૂરી કરી શકે તેમ છે કે કેમ તે જોવા માટે પાછા આવવા આપને વધુ એક અપોઇન્ટમેન્ટ આપવામાં આવશે. યાદી પૂરી કરવી સોનોગ્રાફર માટે હંમેશા શક્ય હોતું નથી, પછી ભલે બીજી અપોઇન્ટમેન્ટ આપવામાં હોય.

## સ્કેનમાં કઈ સમસ્યાઓ જાણવા મળી શકે છે?

સ્કેનમાં બાળકના વિકાસની કેટલીક સમસ્યાઓ જોવા મળી શકે છે પરંતુ બધી સમસ્યાઓ જોવા મળતી નથી. આપના બાળકની કેટલીક સમસ્યાઓ 20 અઠવાડિયા વિકસી શકે છે અને કેટલીક સમસ્યાઓ અલ્ટ્રાસાઉન્ડમાં દેખાય નહીં તેમ બની શકે છે. આ કારણે, થોડીક સંખ્યાના કેસોમાં બાળકો સમસ્યાઓ સાથે જન્મે છે પછી ભલે અલ્ટ્રાસાઉન્ડ સ્કેનમાં કોઈ સમસ્યા દેખાઈ ન હોય.

પાન નં 5 પર એવી સૌથી સામાન્ય સમસ્યાઓની યાદી છે જે આપના સ્કેન દરમિયાન જોવા મળી શકે છે. જમણી કૉલમ બતાવે છે કે જો આપના બાળકને જે તે રોગ હોય તો અનિયમિતતાના સ્કેનથી પ્રત્યેક સમસ્યા ઓળખાય તેની સંભાવના કેટલી છે. યાદીમાં એવી બધી અસામાન્યતાઓનો સમાવેશ તો નથી જે જોવામાં આવી શકે છે.

Information for Women

© Public Health Wales

| સમસ્યા | 18થી 20 અઠવાડિયે અનિયમિતતા માટેના અલ્ટ્રાસાઉન્ડ સ્કેનમાં સમસ્યા દેખાય તેની શક્યતા |
|---|---|
| **ન્યુરલ નળીની ખામીઓ** ત્યારે થાય છે જ્યારે કરોડરજ્જુ કે મગજને આવરી લેતી ચામડી કે હાડકા યોગ્ય રીતે બનતા નથી. ન્યુરલ નળીની બે મુખ્ય ખામીઓ આ પ્રમાણે છે:<br><br>**એનેન્સેફલી** (માથાની ટોચનો અભાવ)<br><br>**કરોડની જન્મખોડ** (કરોડરજ્જુને ફરતે ચામડી કે હાડકાનું આવરણ ન હોય) | <br><br><br><br>**99%**<br><br>**90%** |
| **હૃદયની મોટી સમસ્યાઓ** | **25%** |
| **ડાયાફ્રેગ્મેટિક હર્નિયા** (સ્નાયુની ખામી કે જેનાથી છાતી અને પેટ અલગ થાય છે) | **60%** |

સ્રોત: www.rcog.org.uk (16/12/09નાં રોજ એક્સેસ કરવામાં આવી)

બાળકને રંગસૂત્રોની એવી સમસ્યાઓ હોય તેનાથી કેટલીક સમસ્યાઓ સર્જાઈ શકે છે જેમાં તેના વિકાસને અસર થઈ શકે છે. જો રંગસૂત્રની સમસ્યાની શંકા પડે તો આપને એમ્નિઓસેન્ટેસિસની ઑફર કરવામાં આવી શકે છે. આપ અલગ પત્રિકામાં આ પરીક્ષણ પર માહિતી મેળવી શકો છો.

ગર્ભની અનિયમિતતાના સ્કેનમાં અન્ય ભાગ્યે જ જોવા મળતા રોગો જેમ કે કિડની અને હાથ-પગની મોટી સમસ્યાઓ પરખાઈ શકે છે. બાળકનો જે રીતે વિકાસ થઈ રહ્યો હોય તેની સાથેની નાની સમસ્યાઓ, સ્કેન બાદ થતી સમસ્યાઓ અને સેરેબ્રલ પાલ્સી તથા ઓટિઝમ જેવી કેટલીક સમસ્યાઓ આ સ્કેનમાં પરખાતી નથી

## સ્કેન દરમિયાન કોઈ સમસ્યા માલૂમ પડે કે શંકા જાય તો શું થશે?

જો સોનોગ્રાફરને કોઈ સમસ્યા માલૂમ પડે તો તેઓ આપને તેના વિશે કહેશે અને આપના એન્ટીનેટલ ક્લિનિકમા દાયણો કે ડૉક્ટરો સાથે વાત કરશે.

કેટલીક નાની સમસ્યાઓ માટે આપની ગર્ભાવસ્થાના બાદનાં તબકામાં જ વધુ સ્કેનની જરૂર પડશે.

ક્યારેક અનિયમિતતાના પ્રથમ સ્કેન વખતે સોનોગ્રાફર માટે ચોક્કસપણે એમ કહેવું શક્ય હોતું નથી કે સમસ્યા શું છે. આપને અલગ વિભાગમાં અથવા આપના બાળકને જે પ્રકારની સમસ્યા હોવાની શંકા હોય તે અંગેના નિષ્ણાંત સાથે સ્કેનની ઑફર કરવામાં આવી શકે છે.

## વિસ્તૃત સ્કેન બાદ નિદાનાત્મક પરીક્ષણો

આપને એમ્નિઓસેન્ટેસિસ જેવું અન્ય પરીક્ષણ પણ ઑફર કરવામાં આવી શકે છે. આપના દાયણ કે ઓબ્સ્ટેટ્રિશિયન (હૉસ્પિટલનાં ડૉક્ટર) દ્વારા આપને કોઈપણ અન્ય પરીક્ષણો પર વધુ માહિતી આપવામાં આવશે.

Information for Women

© Public Health Wales

## ચોક્કસ અનિયમિતતા માલૂમ પડે તો શું થશે?

જન્મ પહેલાં આપના બાળકને હોઇ શકે તેવી સમસ્યા શોધવાથી આપને અને આપના સાથીદારને પોતાની જાતને તૈયાર કરવામાં મદદ મળી શકે છે. સમસ્યાના પ્રકાર વિશેની માહિતીનો ઉપયોગ આપના બાળકની કેવી રીતે, ક્યારે અને ક્યાં પ્રસૂતિ થશે તેની તૈયારી કરવામાં થઈ શકે છે. આપના બાળકનો જન્મ કોઇ અલગ હૉસ્પિટલમાં કરાવવાની જરૂર પડી શકે છે જ્યાં આપના બાળક માટે જરૂરી નિષ્ણાંત સ્ટાફ અને કાળજી મળી શકે.

બાળકનો જન્મ થાય તે પહેલાં ખૂબ ઓછી સંખ્યામાં સમસ્યાઓની સારવાર કરી શકાય છે.

જો સમસ્યા ગંભીર હોય તો આપ આપની ગર્ભાવસ્થાનો અંત લાવવાનું નક્કી કરી શકો છો અથવા આપ ગર્ભાવસ્થા ચાલુ રાખવાનું નક્કી કરી શકો છો. આ મુશ્કેલ નિર્ણયો છે અને આપના માટે યોગ્ય હોય તેવો નિર્ણય લેવામાં આપને મદદ કરવા માટે આપને સમય, માહિતી અને સહકાર આપવામાં આવશે.

આપના ગર્ભસ્થ શિશુને કોઇ સમસ્યા છે તેની જાણ થવી એ તણાવદાયક છે અને શું કરવું તેનો નિર્ણય લેવો મુશ્કેલ છે. મોટાભાગની મહિલાઓને થોડા સહકારની ઈચ્છા અને જરૂર હોય છે. આ સહકાર આપના સાથીદાર, કુટુંબીજનો કે મિત્રો અથવા આપની કાળજી લઈ રહેલા સ્વાસ્થ્ય પ્રોફેશનલ્સ તરફથી આવી શકે છે. જો આપ ઈચ્છતા હો તો આપના સાથીદાર કે મિત્ર હૉસ્પિટલની અપોઇન્ટમેન્ટ પર આપની સાથે આવી શકે છે.

## વધુ માહિતી

આપ અલ્ટ્રાસાઉન્ડ સ્કેન વિશે વધુ માહિતી આપની દાયણ, આપના હૉસ્પિટલના ડૉક્ટર (આપના ઑબ્સ્ટેટ્રિશિયન), આપના સોનોગ્રાફર અને [www.antenatalscreening.org](http://www.antenatalscreening.org) ખાતે એન્ટીનેટલ સ્ક્રિનીંગ વેલ્સ વેબસાઈટ તરફથી મેળવી શકો છો.

© કૉપીરાઈટ 2010 પબ્લિક હેલ્થ વેલ્સ NHS ટ્રસ્ટ. સર્વાધિકાર સુરક્ષિત. કૉપીરાઈટ માલિકની પરવાનગી વિના સંપૂર્ણ કે આંશિક રીતે પુનઃઉત્પાદન થઈ શકશે નહીં.
www.antenatalscreening.org
એપ્રિલ 2010
US 9મી આવૃત્તિ

Information for Women

© Public Health Wales